
**માના દૂધ સાથે જે સંસ્કાર અને મીઠા શબ્દો સાંભળવા મળે છે તેમની અને શાળાની વચ્ચે મેળ હોવો જોઈએ, આ મેળ માતૃભાષા પ્રસ્થાપિત કરી આપે છે..... ગાંધીજી**

# મોડાસા-નાલંદા-૨ માર્ગ પર હેવી વીજ લાઈન જોખમી બની





## મોડાસા નાલંદા-૨ નજીક પસાર થતી ૧૧ કેવી હેવી વીજ લાઈનના તાર તુટવાની તૈયારીમાં : નિર્દોષ જાન ગુમાવે તે પહેલા રીપેરીંગની લોકોની ઉગ્ર માંગ

મોડાસા, તા. ૨૦

અરવલ્લી જિલ્લાના મુખ્ય મથક મોડાસા શહેરના સહયોગ ચોકડી નજીક આવેલી નાલંદા-૨ રહેણાંક સોસાયટી નજીકથી પસાર થતી યુજીવીસીએલની ૧૧ કેવી હેવી વીજલાઈન મેઈન્ટેનન્સના અભાવે તુટી પડવાની આરે આવીને ઉભી રહેતા સોસાયટીના રહેવાસીઓ અને અહીંથી પસાર થતા રાહદારીઓમાં માથે મોત મંડરાઈ રહેતા યુજીવીસીએલ તંત્ર દ્વારા કોઈ નિર્દોષ ભોગ બને તે પહેલા તાબડતોડ રીપેરીંગની કામગીરી હાથ ધરે તે ખૂબ જ જરૂરી છે.

મોડાસા શહેરના પોશ વિસ્તારની સોસાયટી ગણાતી નાલંદા-૨ સોસાયટીના જવાના માર્ગ પર યુજીવીસીએલની મેઈન્ટેનન્સમાં દાખવવામાં આવતી બેદરકારી સામે ઉગ્ર રોષ ફેલાયો છે. નાલંદા અને આશાપુરા બંગ્લોઝ પાસેથી પાસાર થતી ૧૧ કેવી હેવી વીજલાઈનના તાર તુટવાની તૈયારીમાં હોવાથી કોઈ પણ સમયે ૧૧ કેવી હેવી વીજલાઈનના તાર તૂટવાની દહેશત સાથે કોઈ પણ સમયે મોતના દરવાજા ખોલી કાઢે તેમ હોવાથી બન્ને સોસાયટીના રહીશોમાં ઉગ્ર રોષની લાગણી ફેલાઈ છે. યુજીવીસીએલ તંત્ર દ્વારા ૧૧ કેવી હેવી વીજલાઈનને રીપેરીંગ કરવામાં આવે કે પછી વીજતાર નવા નાખવામાં આવે તે ખૂબ જ જરૂરી છે. તદ્ઉપરાંત સોસાયટીમાં રહેલા લાઈટના થાંભલાઓ પણ તુટી પડ્યા હોવાથી લાઈટના થાંભલાઓ તાત્કાલીક બદલવાની ઉગ્ર માંગ ઉઠી છે. સોસાયટીના રહીશોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાય સમયથી ૧૧ કેવી હેવી વીજલાઈન નામશેષ પામવાની તૈયારીમાં હોવા છતા યુજીવીસીએલ તંત્ર દ્વારા નક્કર પગલા ભરવામાં ન આવતા આ વીજવાઈનના તાર ગમે તે ઘડીએ તુટીને કોઈ નિર્દોષનો જીવ ના લે તે ખૂબજ જરૂરી છે.

## પંચાયતની જુનિયર ક્લાર્કની પરીક્ષામાં મોડાસાની બ્રાઈટ જુનિયર સાયન્સ શાળામાં ઉમેદવારોને બુટ-ચંપલ બહાર કઢાવતા ભારે રોષ

**ઉમેદવારોને આપવામાં આવતી સૂચના પત્રમાં આવો કોઈ નિયમ છે જ નહી તો સંચાલકો કઈ રીતે આવા નિયમોનું પાલન કરાવે છે**

મોડાસા, તા. ૨૦

ગુજરાત રાજ્ય પંચાયત પસંદગી સમિતિ આયોજીત જુનિયર ક્લાર્કની સીધી ભરતી માટે રાજ્યના તમામ જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો પર સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાઈ હતી. જેમાં અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પરીક્ષા કેન્દ્રો પર વિદ્યાર્થીઓને શાળાની બહાર બુટ-ચંપલ બહાર કઢાવતા કેટલાક સ્થળોએ ઉમેદવારો અને શાળા સંચાલક વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. મોડાસાની બ્રાઈટ જુનિયર સાયન્સ કોલેજના સંચાલકો ઉમેદવારો સાથે બુટ બહાર કઢાવવા દાદાગીરી કરતા હતા અને શાળામાં તમે પરીક્ષા આપવા આવ્યા છો તો આ શાળામાં નિયમો તો અમારા જ ચાલશે તેમ કહી ઉમેદવારોને દમ મારતા હતા. શાળા સંચાલકો ચોરી થતી અટકાવી શકતા નથી અને બુટ-ચંપલ બહાર કઢાવી શુ સાબિત કરવા માગે છે તે સમજાતુ નથી.

રાજ્યભરમાં આજે પંચાયત પસંદગી સમિતિ દ્વારા ૨૫૦૦થી વધારે જગ્યાઓ માટે સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા યોજાઈ હતી. અરવલ્લી-સાબરકાંઠા જિલ્લામાં કેટલાક પરીક્ષા કેન્દ્રો પર શાળા સંચાલક પોતાના નિયમો બનાવી ઉમેદવારોને નિયમો પાલન કરવા મજબુર કરે છે. ઉમેદવારોની હોલ ટીકીટ સાથે આપવામાં 'ઉમેદવારો માટેની સૂચના' પત્રમાં બુટ-ચંપલ બહાર કાઢવા આવું ક્યાંય પણ દર્શાવાતુ નથી તેમ છતાં શાળા સંચાલકો તેમને બુચ ચંપલ છેક શાળાના ગેટની બહાર કઢાવ્યા હતા.

મોડાસા સહિત અરવલ્લીના તમામ પરીક્ષા કેન્દ્રો પર આ રીતે જાતે નિયમો બનાવી સંચાલકો બુટ બહાર કઢાવવા મનમાની કરતા હતા. મોડાસાની બ્રાઈટ જુનિયર સાયન્સ કોલેજમાં સંચાલકોએ બુટ બહાર કઢાવવાનું કહેતા કેટલાક ઉમેદવારો અને સંચાલકો વચ્ચે ઉગ્ર બોલાચાલી થઈ હતી. સંચાલકો ઉમેદવારો સાથે રીતસરની દાદાગીરી કરતા હતા. શાળામાં તુ પરીક્ષા આપવા આવ્યો છે શાળા અમારી છે તારે નિયમો પાળવા જ પડશે બુટ બહાર કાઢીને આવુ તેવો દમ મારતા હતા.

શાળા સંચાલકો પરીક્ષા પહેલા ઉમેદવારોને બુટ ચંપલ બહાર કઢાવી શુ સાબિત કરવા માગે છે, વારંવાર પરીક્ષામાં થતી ચોરી અને પેપરલીકની ઘટના તો રોકી શકતા નથી અને તઘલકી નિયમો બનાવી શુ થશે, તેવો પ્રશ્ન પરીક્ષાર્થીઓ શંકા સાથે વ્યક્ત કરતા હતા.



## ધાનેરા નગરપાલિકાની વસ્તુઓ ચોરાવાનો સિલિસિલો યથાવત

ધાનેરા નગરપાલિકા ની વસ્તુઓ ચોરાવાનો સિલિસિલો યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે કોઈ અજાણ્યા ઈસમો ધ્વરા પાણી ના બોર નો કેબલ ચોરી જતા ચકચાર મચી જવા પામી છે. ધાનેરા નગરપાલિકા નું પાણી ટેન્કર ચોરાયા ને તો હજુ ગણતરીના દિવસોજ વીત્યા છે ત્યારે આજે ફરીવાર ધાનેરા નગર માં આવેલા સોતવાડા રોડ પર ના પાણી ના બોર નું કેબલ કોઈ અજાણ્યા ઈસમો ચોરી જતા ચકચાર મચી જવા પામી છે ત્યારે ધાનેરા નગરપાલિકા ના પાણી પુરવઠા અધિકારી શ્રી રામભાઈ સોલંકી ધ્વરા તાત્કાલિક બોર ને નવું કેબલ નાખી બોર ચાલુ કર્યો હતો અને સમગ્ર ઘટના ની જાણ ધાનેરા પોલીસ ને કરી હતી.

## સાબરકાંઠા બેન્ક દ્વારા સૌપ્રથમ માઈક્રો એટીએમનું લોકાર્પણ

હિંમતનગર, તા. ૨૦

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતોની આર્થીક જીવાદોરી સાબરકાંઠા ડીસ્ટ્રીક બેન્ક બન્ને જિલ્લામાં થઈ ૧૧૫થી વધુ શાખા ધરાવે છે. બેન્ક દ્વારા આજરોજ હિંમતનગર તાલુકાના વક્તાપુર મુકામે દૂધ મંડળીમાં સૌપ્રથમ માઈક્રો એટીએમનું બેન્કના ચેરમેન મહેશભાઈ એ. પટેલે લોકાર્પણ કરેલ. આ પ્રસંગે વિશાળ સંખ્યામાં દૂધ ઉત્પાદકો-ગ્રામજનો હાજર રહી બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલને જણાવેલ કે અમારૂ ગામ ઘણુ જ મોટુ છે અહીં પણ નવીન શાખા ખોલી આપો અમે સૌ સહકાર આપવા તૈયાર છીએ. ગામના અગ્રણી મંડળના ટ્રસ્ટી બી.ડી. પટેલે જણાવેલ કે બેન્કના સફળ સુકાની પારદર્શક વહીવટ મહેશભાઈ પટેલ કરી રહ્યા છે. જે અસરકારક રીતે ખેડૂતોના લાભો આપ્યા છે. આ પ્રસંગે બેન્કના ચેરમેન મહેશભાઈ પટેલે પણ માઈક્રો એટીએમથી શું લાભ થાય તે વિશે ગ્રામજનો અને દૂધ મંડળીના સભાસદોને માહિતી આપી હતી.



# જો ગુજરાતમાં એન્કાઉન્ટર ન થયા હોત તો દેશને આવા વડાપ્રધાન ન મળત : વણઝારા

ધાનેરામાં શિવાજી જન્મ જયંતિ નિમિતે ભવ્ય કાર્યક્રમનું



આયોજન કરવામાં આવ્યું હતું જેમાં આઈ જી ડી જી વણઝારા સહીત મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી શિવાજી જન્મ જયંતિ ની ઉજવણી કરી હતી.

શિવાજી જન્મ જયંતિ નિમિતે ધાનેરા લાલ ચોક થી વિશાલ બાઈક રેલી નીકાળવામાં આવી હતી જે બાઈક રેલી ધાનેરા વિવિધ રસ્તા ઉપર ફરી હતી અને આ રેલી નું ધાનેરા ના નગરજનો ફુલહાર થી સ્વાગત પણ કરવામાં આવ્યું હતું અને આ રેલી ધાનેરા ના તમામ માર્ગો ઉપર ફરી પરત લાલ ચોક આવી સભામાં ફેરવાઈ હતી જ્યાં ડીજી વણઝારા સહીત મહાનુભાવો દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમને ખુલ્લો મુક્યો હતો અને વિવિધ મહાનુભાવો ધ્વરા લોકોને છત્રપતિ શિવાજી વિશેની માહિતી થી વાકેફ કર્યા હતા ત્યારે પૂર્વ ગુજરાત રાજ્ય પોલીસ અધિક્ષક શ્રી ડીજી વણઝારા ધ્વરા ભાષણ કરવામાં આવ્યું હતું કે જે ગુજરાત માં એન્કાઉન્ટર થયા તે સાચા થયા છે અને સાત વાર ચકાસી ને જ એન્કાઉન્ટર કરવામાં આવ્યા છે નરેન્દ્રભાઈ મોદી ની હત્યા માટે અવારનવાર આતંકવાદીઓ ગુજરાતમાં પ્રવેશતા હતા અને જો ગુજરાત માં એન્કાઉન્ટર ન થયા હોતતો ગુજરાત પણ બીજું કાશ્મીર બની ગયું હોત અને વધુ માં એ પણ જણાવ્યું હતું કે નરેન્દ્રભાઈ મોદી પણ આતંકવાદીઓ ના હિટ લિસ્ટ માં હતા અને જો ગુજરાત પોલીસ ની જાગૃતતા ના લીધે ગુજરાત માંથી મોટી જાનહાની ટાળી છે આટલુંજ નહિ પણ જો ગુજરાતમાં એન્કાઉન્ટર ન થયા હોતતો દેશ ને આવો સારો વડાપ્રધાન પણ ન મળ્યો હોત ડીજી વણઝારા નું ભાષણ સંભાલો લોકોએ પણ તાળીઓ થી તેમને વધાવી લીધા હતા.

આ કાર્યક્રમમાં ગુજરાત રાજ્ય ના પૂર્વ પોલીસ અધિક્ષક શ્રી ડીજી વાંઝાદા ડો.અગ્રવાલ તેમજ ભાજપ કોંગ્રેસ ના આગેવાનો સહીત મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## સાધ્વી જયશ્રીગિરિના રિમાન્ડ પૂર્ણ થતા સબજેલમાં લઈ જવા કોર્ટનો આદેશ

સાધ્વી જયશ્રીગીરી ને નામદાર કોર્ટે આજે પાલનપુર સબજેલ માં લઈ જવાનો આદેશ કર્યો છે પાલનપુર શહેર માં રહેતા કાંતિલાલ પટેલ એ પાલનપુર પૂર્વ પોલીસ મથક માં ૧૫ લાખ ની છેતરપિંડી સહીત જાનથી મારી નાખવાની ધમકી ગુનામાં બે દિવસ ના પોલીસ રિમાન્ડ પુરા થતા આજે પાલનપુર ની કોર્ટ માં સાધ્વી ને હાજર કરવામાં આવી જ્યાં નામદાર કોર્ટે એ સાધ્વી ની જમીન અરજી ને ના મંજુર કરી પાલનપુર ની સબજેલ માં મુકવાનો આદેશ કર્યો હતો જો કે તાજેતર માં જયશ્રીગિરિ ના વિરૂદ્ધ માં પાલનપુર મહિલા પોલીસ મથક માં ફરિયાદ દાખલ થઈ હોવાથી ફરી સાધ્વી ની ધરપકડ કરી કાનૂની કાર્યવાહી હાથધરવામાં આવશે.

# તલોદ ખાતે કોંગ્રેસ દ્વારા જનવેદના સંમેલન

તલોદ, તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાના તાલુકા મથક તલોદ ખાતે આજે કોંગ્રેસે ભાજપ સરકારની એકતરફી શાસન થકી ત્રાસી ગયેલી પ્રજાની વેદનાને વાચા આપવા એક સાથે ત્રણ-ત્રણ સફળ કાર્યક્રમો આપ્યા હતા. જ્યાં પરેશાની વેઠવી પડી હતી. રાજ્યમાં કાયદો વ્યવસ્થા તુટી પડી છે, મહિલાઓની સલામતી નથી જેવા અનેકાનેક દાવા સાથે આજે તલોદ ખાતે તલોદ-પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા જનવેદના આક્રોશ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બચાવો ના સૂત્રો સાથે સત્તા હાંસલ કરવામાં સફળ રહેલ શાસકપક્ષ નલિયા દુષ્કર્મ કાંડ સંદર્ભે નિષ્ફળ રહ્યો હોવાની વાત દોહરાવીને કોંગી અગ્રણી વક્તાએ કહ્યું હતું કે બેટી બચાવો પણ કોનાથી? તેવો સવાલ કરવો પડે તેવી સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.



એક પણ પોલીસ કર્મીની હાજરી સુદ્ધાં ન હતી. તલોદ-પ્રાંતિજ તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપક્રમે આજે ભરબપોરે તલોદ ખાતે યોજાયેલા કાર્યક્રમોમાં જનવેદના આક્રોશ સંમેલન, સૂત્રોચ્ચાર સહિતની રેલી અને નલિયા દુષ્કર્મ કાંડ સંદર્ભે ભાજપ સરકારની નિષ્ફળતાની સ્મશાન યાત્રા કાઢી ટાવર વિસ્તારમાં બિન્દાસપણે નનામી દહન કરીને જાણે કે વર્તમાન શાસકપક્ષ અને તંત્રને પડકાર ફેંક્યો હતો.

નોટબંધી થકી ખેડૂતો, પશુપાલકો, વેપારીઓ અને આમજનતાને ભારે સેંકડોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ સંમેલનમાં વિધાનસભા કોંગ્રેસ પક્ષના દંડક બળવંતસિંહ રાજપૂત, પક્ષના પ્રવક્તા નિશિથ વ્યાસ, ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા અને સાબરકાંઠાના પ્રભારી ભાર્ગવ ઠક્કર ઉપરાંત જિલ્લા અને તાલુકાઓના કોંગ્રેસના હોદ્દેદારો, કાર્યકરો તથા સમર્થકો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. જ્યાં પ્રમુખ વક્તાઓએ વર્તમાન શાસક પક્ષ એવા ભાજપની નીતિ-રીતિઓની ભારે ટીકા કરીને આગામી વિધાનસભામાં ભારે બહુમતીથી કોંગ્રેસ વિજયી થશે તેવો આશાવાદ વ્યક્ત કર્યો હતો. બેટી

સંમેલન બાદ બેટી બચાવો-ભાજપ ભગાવોના સૂત્રોચ્ચાર સાથે નગરપાલિકાના કોમ્યુનિટી હોલથી સરકારની નિષ્ફળતાઓવાળી નનામી સાથેની એક રેલી અંતિમ યાત્રા સ્વરૂપે નીકળીને તલોદ ટાવર વિસ્તારમાં પહોંચી હતી. જ્યાં ભરચક વસ્તીવાળા સુભાષચંદ્ર બોઝના બાવલા સમીપ રોડ માર્ગ ઉપર દોણી પછાડી નનામીને (કોઈપણ જાતની રોકટોક કરનાર હાજર નહિ હોવાથી) બિન્દાસથી દહન કરવામાં આવી હતી. અને છાજીયાં લઈને પણ સમગ્ર કાર્યક્રમ સફળ રહ્યાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

## જમીનના પ્લોટ બાબતે નજીવી બોલાચાલી પછી મામલો બિચક્યો

મોડાસાના સબલપુર ગામમાં જમીનના પ્લોટની બાબતે ઉભી થયેલી બોલાચાલી પછી મામલો બિચકતા મારામારી સુધી પહોંચી ગયો હતો. જેમાં બંને જુથોના સભ્યોએ એકબીજા પર સામસામી પોલીસ ફરિયાદ મોડાસા ટાઉન પોલીસ મથકે નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. હિંમતનગરના સુભાષનગરમાં રહેતા મગનભાઈ લખાભાઈ સોલંકીએ તથા મોડાસાના સબલપુરમાં રહેતા અમરતભાઈ કચરાભાઈ ચમારને શાન્તિવીલા સાઈટ ખાતે પ્લોટ વેચાણ કરી નાણા ચુકવી દીધા હતા. આ મામલે પ્રથમ સામાન્ય બોલાચાલી ઉભી થયા બાદ મામલો મારામારી સુધી પહોંચી જતાં પોલીસે બંને પક્ષે ફરિયાદ દાખલ કરી સમગ્ર બનાવની વધુ તપાસ હાથ ધરી છે.

## ઢીમા ખાતે સ્વાસ્થ્ય જાગૃક્તા કાર્યક્રમ યોજાયો

ભારત સરકારના માહિતી અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રીય પ્રચાર કાર્યાલય પાલનપુર દ્વારા જુદાં જુદાં જિલ્લામાં આરોગ્ય વિશે જન જાગૃતિ આવે તે માટે વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહ્યા છે.તે ઉપક્રમે ઢીમા ખાતે આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ભારત સરકારના સૂચના અને પ્રસારણ મંત્રાલયના ક્ષેત્રીય પ્રચાર નિર્દેશાલય દ્વારા ઢીમા ખાતે સ્વાસ્થ્ય જાગૃક્તા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.જેમાં કાર્યક્રમ અંતર્ગત માતા અને બાળકોનું સ્વાસ્થ્ય, રસીકરણ, રાષ્ટ્રીય કિશોર સ્વાસ્થ્ય કાર્યક્રમ તેમજ સ્વાસ્થ્ય સબંધિત ભારત સરકારની અન્ય યોજનાઓ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવાં તેમજ વિસ્તૃત માહિતી અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.